

**જલ્સા સ્ટ્રીટમાં સડક સુરક્ષા-જીવન રક્ષાનો સંદેશ અપાયો**

મારુ ગાંધીનગર દ્વારા આજ-રોજ સવારે ૭ વાગે ઘ-૪ સર્કલ પાસે સેન્ટલ વિસ્ટા ખાતે ફરી એકવાર જલસા સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રાફિક એન્ડ રોડ સેફ્ટીના ધ્યાનમાં રાખીને 'સડક સુરક્ષા-જીવન રક્ષા' થીમ રાખવામાં આવી હતી. આ પ્રસંગે રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેના કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવિયા તથા ગુજરાતી ફિલ્મ જગતના કલાકારો આરોહી પટેલ, મૌલિક નાયક અને મેહુલ સોલંકી ઉપસ્થિત રહ્યાં હતા. જલસા સ્ટ્રીટમાં દર વખતની જેમ યુવા વર્ગ જોડાયો હતો. જેમાં ઝુમ્બા, ડાન્સ, ચોક પેંટિંગ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કાણોદરમાં પરપ્રાંતિય પરણિતાએ આપઘાત કરતાં ચકચાર

પાલનપુર તાલુકાના કાણોદરમાં પરપ્રાંતિય પરણિતાએ શુક્રવારે સાંજે ગળે ફાંસો ખાઈને આપઘાત કરતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પાલનપુર તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહારાષ્ટ્રના વસીમ જિલ્લાના કારજા તાલુકાના ઢગાર ખેડા ગામના વસીમભાઈ અબ્દુલનશીર શેખ કાણોદર ગામે બિસ્કીટની ફેક્ટરીમાં કામ કરે છે. જેની ૩૪ વર્ષીય પત્નિ સલમા પરવીનએ કોઈ અગમ્યકારણોસર મકાનમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વસીમભાઈ શેખએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# લોકસભાનો ચૂંટણી જંગ ગુજરાતમાં બન્ને પાર્ટીના ૨૮ ઉમેદવારોની ટીકીટ કપાવશે

લોકસભાની ચૂંટણીમાં ભાજપમાં જેટલા સિટીંગ સંસદસભ્યો કપાશે તેટલા કોંગ્રેસના ઉમેદવારો પણ કપાશે તેવું લાગી રહ્યું છે. ભાજપમાં કહેવાય છે કે ૨૬માંથી ૧૩ સંસદસભ્યોને ફરીથી ટીકીટ મળવાના ચાન્સ ઓછા છે ત્યારે કોંગ્રેસમાં પણ ૨૬ માંથી ૧૫ ઉમેદવારોની ટીકીટ કપાય તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસ આ વખતે હાલના સિટીંગ ધારાસભ્યો પૈકી પાંચ થી સાતને લોકસભાની ટીકીટ આપવાના મૂડમાં છે. બન્ને પાર્ટીઓ હાલ ઉમેદવારોની પસંદગી માટેનું પ્લેટફોર્મ બનાવી રહી છે જેમાં બન્ને પાર્ટીના કુલ ૫૨ ઉમેદવારો પૈકી ૨૮ ઉમેદવારોને ટીકીટ મળશે નહીં. કહેવાય છે કે ભાજપમાંથી લોકસભાની ચૂંટણી લડવા માટે ૧૨૦ અને કોંગ્રેસમાંથી ટીકીટ મેળવવા માટે કુલ ૯૦ ઉમેદવારો મેદાનમાં છે. ઘણાં ઉમેદવારો એવાં છે કે અગાઉ લોકસભાની ચૂંટણી હારી ચૂક્યાં છે. ૨૦૧૪ની છેલ્લી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના તમામ ઉમેદવારો હારી ગયા હતા પરંતુ તે પૈકી જે ઉમેદવારો ૧૦ હજાર કે તેથી ઓછા માર્જીનથી હાર્યા છે તેમને ફરીથી ટીકીટ આપવામાં આવે તેવી સંભાવના છે. બન્ને પક્ષોના મોવડી મંડળે યુવાન અને મહિલા ઉમેદવારો પર નજર દોડાવી છે ત્યારે હાર્દિક પટેલનો કોંગ્રેસમાં વારો લાગી જાય તો નવાઈ નહીં. ગુજરાતની લોકસભાનો ચૂંટણીનો જંગ જીતવો આસાન નથી, કેમ કે બન્ને પાર્ટીઓ માટે કપરી સ્થિતિ છે.

**૧૦ રૂપિયાનો સિક્કો અને પાંચની નોટ બંધ...**

ગુજરાતના વેપારીઓ અને લોકોએ જાતે નક્કી કરી લીધું છે કે ક્યું ચલણ ચાલશે અને ક્યું ચલણ બંધ કરવામાં આવશે. ચલણી નોટોમાં તમામ અધિકાર ભારતીય રીઝર્વ બેન્કના છે પરંતુ આપણા ગુજરાતના વેપારીઓએ દસ રૂપિયાનો સિક્કો અને પાંચ રૂપિયાની નોટ બંધ કરી દીધી છે. એટલું જ નહીં ૨૫ પૈસા અને ૫૦ પૈસાના સિક્કા પણ વેપારીઓ લેતાં નથી. રાજ્યનો કોઈ વ્યાપારી આ બન્ને ચલણ હાથમાં પકડતા નથી. એવો જ ગભરાટ ૨૦૦૦ની નોટમાં થાય છે. એટીએમમાં ગ્રાહકો સીધા બે હજાર ઉપાડતા નથી પરંતુ ૧૫૦૦ રૂપિયા ઉપાડે છે તેથી ચલણમાં ૨૦૦૦ની નોટ તેમની પાસે આવે નહીં. અચરજ પમાડે તેવી બાબત એ છે કે લોકો એ જ પાંચ રૂપિયાની ચલણી નોટ કડકડતી હોવા છતાં તેમજ દસ રૂપિયાનો સિક્કો બંધ કરી દીધો છે. ભારતીય રીઝર્વ બેન્કની જાણ બહાર આ ચલણ બંધ થયું હોવા છતાં રીઝર્વ બેન્ક કોઈ ચોખવટ કરતી નથી અને રાજ્ય સરકાર પણ તમાશો જુએ છે. ચલણ ચાલુ રાખવાના અને બંધ કરવાના અધિકારી જાણે કે વેપારીઓને મળી ચૂક્યાં હોય તેવો માહોલ ગુજરાતમાં શરૂ થયો છે.

**ટાઈમ લાઈન**
- ગૌતમ પુરોહિત

**એક ઓફિસરના નીમ પ્રોજેક્ટ અને બીજા ઓફિસરોના કીચન ગાર્ડન પ્રોજેક્ટને ગ્રહણ લાગ્યું છે**

**નીમ પ્રોજેક્ટ અને કીચન ગાર્ડન કીટ ક્યાં ગઇ?...**

જીએનએફસીના નીમ પ્રોજેક્ટની બોલબાલા હતી. લોકોને સાબુ, શેમ્પુ સહિતની કોસ્મેટીક્સ આઇટમો તેમજ લીમડાની લીંબોળીનું તેલ અને ખાતર મળતું હતું પરંતુ હવે જીએનએફસીના નીમ સ્ટોરમાં આ ચીજવસ્તુઓની અછત સર્જાઇ છે. રાજીવ ગુપ્તા જ્યારે જીએનએફસીમાં હતા ત્યારે તેમણે શરૂ કરેલો નીમ પ્રોજેક્ટ પૂરબહારમાં ચાલતો હતો. તેમણે ગુજરાતમાં જ નહીં પણ દેશના અન્ય રાજ્યોમાં પણ લીંબોળી કલેક્શન સેન્ટર તેમજ નીમ પ્રોડક્ટ્સના સ્ટોર શરૂ કર્યા હતા. તેમની બદલી થયા પછી નીમ પ્રોજેક્ટને મંદ પાડી દેવામાં આવ્યો છે. આ કામ માટે રાજીવ ગુપ્તાને અનેક એવોર્ડ પણ મળી ચૂક્યાં છે. કોઈપણ જાતની જાહેરાત કર્યા વિના તેઓએ સોશ્યલ માધ્યમથી નીમ પ્રોડક્ટ્સને ફેમસ બનાવી હતી. એવી જ રીતે સુદીપ કુમાર નંદા જ્યારે જીએસએફસીમાં હતા ત્યારે તેમણે કીચન ગાર્ડનની એક કીટ બનાવી હતી જે એટલી બધી પોપ્યુલર થઈ હતી કે ગૃહિણીઓની માંગને પહોંચી વળાતું ન હતું. એકલા વડોદરામાં જ રોજની ૫૦૦ કીચન કીટ વેચાઈ જતી હતી. આ કીટમાં શાકભાજીના બિયારણ, ખાતર અને પેસ્ટ્રીસાઇડ તેમજ કેવી રીતે શાકભાજી ઉગાડવી તેની માહિતીની પુસ્તિકા આપવામાં આવતી હતી. આજે એસ.કે.નંદાનો આ પ્રોજેક્ટ પણ મંદ પડી ગયો છે. કહેવાય છે કે જે ઓફિસર ઈનિશિયેટીવ લઈને પ્રોજેક્ટ શરૂ કરે છે તે પ્રોજેક્ટ ઓફિસર બદલાઈ જતાં ખાડે જતો રહે છે. સરકારની આ કમનસીબી છે.

**નરેન્દ્ર મોદીના વિસ્તાર વારાણસીમાં કોંગ્રેસની સાત ટર્મ હતી જ્યારે ભાજપ છ વખતથી જીતે છે**

**કરપ્શન આ રીતે કન્ટ્રોલમાં આવી શકે છે...**

ફિલ્મસ્ટાર અક્ષય કુમારની એક હિન્દી ફિલ્મ ×ગબ્બર ઈઝ બેક× આવી હતી જેમાં કરપ્ટ ઓફિસરો ઉપર એક્શન લેવામાં આવતાં કરપ્શન કરતાં ઓફિસરો અને લાંચ આપીને કામ કરાવતા લોકો ફફડી ઉઠ્યાં હતા. ફિલ્મની જેમ હકીકતમાં એવું શક્ય નથી પરંતુ કરપ્શન કરતાં ઓફિસરો ડરે તેવો માહોલ જરૂર ખડો કરી શકાય છે. રાજ્યમાં એન્ટી કરપ્શન બ્યુરોની કામગીરી સરાહનિય તો છે જ પરંતુ લાંચ આપનાર વ્યક્તિ દ્વારા અગાઉથી નક્કી કરેલા પ્લોટ પ્રમાણે રેડ પાડવામાં આવે છે. આજે સ્થિતિ એવી છે કે લાંચ લેવાના કેસોની સંખ્યા રોજની બે નોંધાય છે. એટલે કે મહિનામાં ૬૦ જેટલા ઓફિસરો કે કર્મચારીઓ અલગ અલગ રકમની લાંચ લેતાં પકડાય છે પરંતુ ગુજરાત સરકારમાં કરપ્શનના કેસોને ઓન ધ સ્પોટ તપાસે તેવી કોઈ સ્વતંત્ર વિંગ નથી કે જેની મારફતે ગુનેગારો પળવારમાં પકડાઈ જાય. સરકારના એક સિનિયર ઓફિસરે સૂચનમાં એમ કહ્યું છે કે એન્ટી કરપ્શન બ્યુરોની પેરેલલ કાર્ય કરતી એવી કોઈ અલગ વિંગ બનાવી તેમાં ખંતિલા અને પ્રામાણિક ઓફિસરોની ફોજ ઉભી કરવામાં આવે તો કરપ્શનને

**ચલણ બંધ કરવું એ હવે આરબીઆઇ નહીં લોકો જાતે જ નક્કી કરી લે છે, જરા તપાસ તો કરો**

કન્ટ્રોલમાં લઈ શકાય તેમ છે. આ ફોજ જ્યાંથી પસાર થાય ત્યાં સરકારી ઓફિસોમાં લોકો ફફડી ઉઠે એવો માહોલ સર્જવો પડે. સરકારે આવી વિંગ બનાવીને સચિવાલયમાં જ મહેસૂલ, શિક્ષણ, શહેરી વિકાસ, આરોગ્ય, પંચાયત અને ગૃહ વિભાગમાં વોચ રાખવાની જરૂર છે. આ સાથે જ્યાં વધુ ભ્રષ્ટાચાર થાય છે તે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, પાણી પુરવઠા બોર્ડ અને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડમાં ઓચિંતા ચેકીંગની ખાસ જરૂર છે, કારણ કે બોર્ડ-કોર્પોરેશનમાં તો રૂપિયા લઈને કામ કરાવી આપતા કર્મચારીઓના એજન્ટોનો રાફડો ફાટ્યો છે.

**ગુજરાત કોંગ્રેસને આ સાત બદલાવની જરૂર છે...**

ગુજરાત કોંગ્રેસમાં ઘણો બદલાવ આવ્યો છે. પ્રદેશ માળખામાં પરિવર્તન અને પ્રદેશ પ્રમુખની કડકાઈ થી પ્રદેશ નેતાઓ અને કાર્યકરોમાં ભય છે. ગુજરાતમાં વિરોધપક્ષના નેતા પરેશ ધાનાની યુવાન છે. પાર્ટીના પ્રદેશ એકમના પ્રમુખ અમીત ચાવડા યુવાન છે. રાહુલ ગાંધીએ સિનિયરોની બાદબાકી કરીને એક બદલાવ કર્યો છે છતાં કોંગ્રેસના એક સિનિયર નેતાએ પાંચ બાબતો પર ભાર મૂક્યો છે – (૧) સ્વચ્છ, પ્રતિભાશાળી અને પ્રામાણિક યુવા ઉમેદવારો ચૂંટણીના એક મહિના પહેલા જાહેર થાય. (૨) કોઈપણ ચૂંટણીમાં ભાજપનો એકપણ ઉમેદવાર બિનહરીફ ચૂટાઈ આવવો ન જોઈએ. (૩) જે ઉમેદવાર હોય તેને પાર્ટીના તમામ નેતાઓ અને કાર્યકરોનું સમર્થન મળતું રહેવું જોઈએ. (૪) ભાજપની સરકાર સામે પ્રહારો કરવાની જગ્યાએ આપણે શું કરવા માગીએ છીએ તેનું પ્રજા સમક્ષ પ્રેઝન્ટેશન થવું જોઈએ. (૫) કમિટેડ ઉપરાંત બીજી પાર્ટીના મતદારોને કોંગ્રેસ તરફ ઢાળવા માટે માઈક્રો પ્લાનિંગથી સંગઠનમાં કામ થવું જોઈએ. (૬) કોઈપણ ચૂંટણીમાં ભાજપની જેમ બેઠકોમાં વિજયનો ટારગેટ હંમેશા ઉંચો રાખો, તો ધાર્યા નિશાન પાર પાડી શકાશે અને (૭) ભાજપના નેતાઓ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરૂદ્ધ બોલવાનું બંધ કરવું જોઈએ. જો આ સાત મુદ્દાઓનો મોવડીમંડળ અને પ્રદેશ નેતાગીરી સ્વિકાર કરશે તો કોંગ્રેસ રાજ્ય ઉપરાંત દેશમાં ઉત્તમ દેખાવ કરી શકશે.

**દેશને સૌથી વધુ PM ઉત્તરપ્રદેશે આપ્યા છે..**

ભારતના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ ફુલપુરથી સાંસદ હતા. ગુલઝારીલાલ નંદા ગુજરાતની સાબરકાંઠાની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા. લાલ બહાદુર શાસ્ત્રી અલ્હાબાદના હિરો હતા. ઈન્દિરા ગાંધી અમેઠી અને મોરારજી દેસાઈ સુરતના પ્રતિનિધિ હતા. ચરણસિંઘ બાગપત, તો રાજીવ ગાંધી અમેઠીથી ચૂંટાઈ આવ્યા હતા. વિશ્વનાથ પ્રતાપસિંહ ફતેપુરના સાંસદ હતા. ચંન્દ્રશેખર બલિયા થી અને પી.વી.નરસિંહ રાવ નંદયાલના પ્રતિનિધિ તરીકે દિલ્હીમાં સુપ્રિમ પ્રતિનિધિત્વ કરતા હતા. અટલ બિહારી વાજપેયી લખનૌ અને એચ.ડી.દેવગૌડા કર્ણાટક થી ચૂંટાઈ આવ્યા હતા. ઈન્દ્રકુમાર ગુજરાલ બિહાર અને મનમોહનસિંહ આસામથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાઈને પ્રાઈમ મિનિસ્ટરની ખુરશીમાં બેઠા હતા. છેલ્લે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડોદરા અને વારાણસી થી ચૂંટાઈ આવ્યા હતા અને વડોદરા છોડી વારાણસીનું પ્રતિનિધિત્વ તેમણે પસંદ કર્યું હતું. વારાણસીનાં પરિણામ જોઈએ તો ૧૯૫૨ થી કોંગ્રેસના ઉમેદવાર સાત વાર ચૂંટાઈ આવ્યા છે પરંતુ ૨૦૦૪ને બાદ કરતાં છેલ્લી છ ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર વિજયી રહ્યાં છે. ૨૦૦૯માં મુરલી મનોહર જોષી આ બેઠકનું પ્રતિનિધિત્વ કરતા હતા. ૨૦૧૪માં નરેન્દ્ર મોદી સામે અરવિંદ કેજરીવાલ ચૂંટણી લડ્યા હતા પરંતુ મોદી ૩.૭૧ લાખ મતોથી વિજયી બન્યા હતા. બીજી તરફ મોદી ગુજરાતના વડોદરાની બેઠક પરથી પણ ચૂંટણી લડ્યા હતા જેમાં તેઓ કોંગ્રેસના ઉમેદવાર નરેન્દ્ર રાવત સામે ૩.૨૭ લાખ મતોની સરસાઈથી જીત્યા હતા.

## પાલનપુરમાં પોલીસએ લાયસન્સ વગરની હાટડીઓ સામે કરી લાલ આંખ

પાલનપુરમાં દર વર્ષે લાયસન્સ વગર ફટાકડાની હાટડીઓ ધમધમતી હોય છે. જોકે, ડીસા માં ફટાકડાના સ્ટોલમાં આગ લાગતા કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલું તંત્ર હરકતમાં આવ્યું હતું. દરમિયાન, પાલનપુરમાં પણ પોલીસે ગેરકાયદે ફટાકડા વેચતા વેપારીઓ સામે તવાઈ હાથ ધરી આવા સ્ટોલ બંધ કરાવ્યા હતા. જોકે, કેટલાક વેપારીઓએ પોલીસ દ્વારા ખોટી કનડગત કરી દિવાળીનું ઉઘરાણું કરાતું હોવાના પણ આક્ષેપો કર્યા હતા.

ડીસામાં ગેરકાયદેસર ફટાકડાની દુકાનમાં આગની અસર પાલનપુર માં વર્તાઈ રહી છે. પાલનપુરમાં છેલ્લા બે દિવસથી પોલીસ દ્વારા ગેરકાયદે ફટાકડાના વેપલા સામે લાલ આંખ કરવામાં આવી છે. જેમાં લાઈસન્સ વગરના દુકાનદારોનો માલ જપ્ત કરવાની સાથે આવી દુકાનો બંધ કરાવી હતી.

પાલનપુરમા ૩૦૦થી વધુ ગેરકાયદેસર ફટાકડાની લારીઓ અને હાટડીઓ ભરચક વિસ્તારમાં મોતનો સામનો વેચી રહી છે. ત્યારે એસ.પી.ની સૂચના અનવ્યે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## એસ.ટી.બસના ડ્રાયવર - કંડકટર દ્વારા દિવ્યાંગો સાથે અમાનવીય વ્યવહાર કરાતો હોવાની રાવ

બનાસ દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બનાસકાંઠા જિલ્લા કલેકટર કચેરી ખાતે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતુ કે, ગુજરાત એસ. ટી. બસના ડ્રાઈવર તથા કન્ડકટર દ્વારા અમાનવીય વ્યવહાર કરવામાં આવે છે. દિવ્યાંગો માટેની ૧૬, ૧૭,૧૮ નંબરની અનામત સીટનો લાભ પણ આપતા નથી. અને જો ૩ દિવ્યાંગથી વધુ દિવ્યાંગ બસમાં હોઈ તો નીચે ઉતારવાની ધમકીઓ આપવામાં આવે છે. દિવ્યાંગ પીકઅપ સ્ટેન્ડ પર હોઈ તો પણ દિવ્યાંગને જોઈને બસ ઉભી રાખવામાં નથી આવતી. તું તારી જેવા તારાથી જે થાય તે કરી લે જે એવા શબ્દોથી અપમાન કરવામાં આવે છે. આવેદનપત્ર આપતી વખતે બનાસ દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભગાજી વિસાતર, મંત્રી કપિલ એસ. ચૌહાણ, દીનેશભાઈ મકવાણા સહિત દિવ્યાંગ ભાઈ- બહેનો ઉપસ્થિત રહ્યા હતા.




દિવાળી નજીક આવતા જ ઘરે ઘરે રંગોળી બનાવવાનું શરૂ થયું. સામાન્યતઃ રંગોળીમાં વિવિધ કલરનો ઉપયોગ થતો હોય છે. પરંતુ આજના યુવાનો કંઈક નવું કરતા હોય છે. ગાંધીનગર સ્વામિનારાયણ પોલિટેકનિકમાં અભ્યાસ કરતા અને સેક્ટર-૫ માં રહેતા વિદ્યાર્થીની કુ. નિધિ રોહિત પંચોલીએ ફક્ત બે કલર થી જ રંગોળી બનાવી છે. આ થીમબેઝ રંગોળીમાં આવનારા શિયાળાના દિવસોને કલાત્મક રીતે રંગોળીમાં સુંદરતાથી વણી લીધા છે.

# છાલા પાસે હાઈવે પર કારની ટક્કરે બાઈકસવાર મહિલાનું મૃત્યુ

**છાલાનું દંપતિ બાઇક પર બે સંતાનોને લઈને ઘર તરફ જઇ રહ્યું હતું ત્યારે સ્વીફ્ટ કારે તેમને અડફેટે લીધા : મહિલાનું મૃત્યુ : પતિ અને બે બાળકો ઘાયલ**

ગાંધીનગર, તા. ૪

નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા છાલા ગામમાં રહેતુ એક દંપતિ તેમના બે સંતાનો લઈને બાઈક પર ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે હિંમતનગર તરફથી સડસડાટ આવી રહેલા એક સ્વીફ્ટ કારના ચાલકે છાલા પાટિયા પાસે બાઈકને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા પતિ પત્ની અને બંને બાળકો સહિત ચારેય બાઈકસવારોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘવાયેલી પત્નીનું કરૂણ મૃત્યુ હતું. પતિ હજુ બેભાન હાલતમાં છે. ઘાયલ બંને બાળકો પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ચિલોડા પોલીસે મૃતક મહિલાના દિયરની ફરિયાદના આધારે સ્વીફ્ટ કારના ચાલક સામે ગુનો દાખલ કરીને ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

છાલા ગામમાં રહેતા નાઝીમઅલી યાસીનઅલી કાજીએ ચિલોડા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ આધારે ગઈકાલે રાત્રે પણ નવ વાગ્યાના અરસામાં તેમના ભાઈ ઈરફાનઅલી તેમનું બાઈક લઈને પરિવાર સાથે ઘર તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે છાલા પાટીયા પાસે હિંમતનગર તરફથી બેફામ ગતિએ આવી રહેલી આરજે ૫૧ સીએ ૧૦૧૦ નંબરની સ્વીફ્ટ ગાડીના ચાલકે બાઈકને ટક્કર મારી દીધી હતી. અકસ્માતમાં ભાઈ ઈરફાન અલી, ભાભી મકસુદાબીબી અને તેમના બે સંતાનો ગંભીર રીતે ઘવાતા છાલા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર કરાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મકસુદાબીબીનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતુ. તો બીજી તરફ બંને સંતાનો અને તેમના પિતા ઈરફાન અલી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ચિલોડા પોલીસે સ્વીફ્ટ કારના ચાલક સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુરમાં સ્વાઈન ફલુનો કહેર

**પાલનપુરમાં વધુ ૨ મહિલાઓ સ્વાઈન ફ્લૂની ઝપેટમાં બન્ને મહિલાઓને સારવાર અર્થે અમદાવાદ ખસેડાઇ**

રાજ્યભરમાં કહેર મચાવર સ્વાઈનફલુએ સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ પગ પેસારો કર્યો છે. ત્યારે પાલનપુરમાં વધુ ૨ મહીલાઓને સ્વાઈનફલૂ પોઝેટિવ આવતા તેઓને સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ છે.

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય તંત્ર ની ×સબ સલામત હે'' ની ગુલબાંગો વચ્ચે પાલનપુરમાં વધુ ૨ મહિલાઓ સ્વાઈન્ફલુંની ઝપેટે ચડી છે. પ્રાપ્ત વિગતો મુજબ, જાગૃત હોવાનો ડોળ કરતા આરોગ્ય તંત્રની ઘોર ઉદાસીનતા વચ્ચે પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલી નંદ બંગ્લોઝ સોસાયટીની એક વિપ્ર મહિલા સહિત ૨ મહિલાઓ સ્વાઈનફલૂ ના સકંજામાં આવી છે.

પાલનપુરના એક ખાનગી તબીબના ત્યાંથી આ વિપ્ર મહિલાને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ હતી. જ્યાં તેનો રિપોર્ટ પોઝેટિવ આવતા પરિવારજનો પણ હેબતાઈ ગયા હતા. ત્યારે કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલું આરોગ્ય તંત્ર સત્વરે હાઈવે વિસ્તારની અસરગ્રસ્ત સોસાયટી અને સ્વાઈનફલૂગ્રસ્ત મહિલાઓના પરિવારજનોની મુલાકાત લઈ તકેદારીના પગલાં ભરે અને સ્વાઈનફલૂનો રોગ વકરે તે પૂર્વે અસરકારક પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

**વડગામ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે**

# વડગામના ધારાસભ્ય મેવાણીએ પદયાત્રા યોજી કલેક્ટરને પાઠવ્યું આવેદનપત્ર

રાજ્યની ભાજપ સરકારે વડગામ તાલુકાને અન્યાય કરતા અછતગ્રસ્ત જાહેર કર્યો નથી. ત્યારે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ વડગામ તાલુકા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે પદયાત્રા યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.



સરહદી બનાસકાંઠા જિલ્લામાં નહિવત વરસાદ થયો છે. ત્યારે અપૂરતા વરસાદના કારણે ખેડૂતો અને પશુપાલકોની હાલત કફોડી બની છે. જિલ્લામાં સિંચાઈનું પાણી, ઘાસચારો અને રોજગારીના વિકટ પ્રશ્નો સર્જાયા છે. ત્યારે વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ વડગામ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાની મુહીમ ઉપાડતા પદયાત્રા યોજી હતી. ગઈકાલે વડગામથી નીકળેલી આ પદયાત્રા વિવિધ ગામમાં ફરી આજે પાલનપુર આવી પહોંચી હતી. જે પદયાત્રા કલેક્ટર કચેરીએ પહોંચી હતી. જ્યાં કલેક્ટર સંદીપ સાંગલેને આવેદનપત્ર સુપ્રત કરી વડગામ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ કરાઈ હતી.

તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા માટે એક ધારાસભ્ય ને મેદાને આવવું પડે તે બાબતને મેવાણીએ રાજ્ય સરકાર માટે શરમજનક ગણાવતા રાજ્ય સરકારના ઓરમાયા વર્તનની ઝાટકણી કાઢી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

## સબરીમાલા... ● પહેલા પાનાનું ચાલુ

દીધી હતી. સુપ્રિમ કોર્ટના આદેશની સામે ગયા મહિનામાં ખૂબ હિંસક પ્રદર્શન થયા હતા. આને ધ્યાનમાં લઈને વહીવટી તંત્ર તરફથી ચોથીથી છઠ્ઠી નવેમ્બર દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં અને ખાસ કરીને સન્નીધનમ, પમ્બા, નિલાક્કર અને ઈલાવંકુલમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. નવેસરના આંકડા મુજબ ગયા મહિને મંદિર વિસ્તારમાં તથા બીજા સ્થળો પર ૧૬મીથી ૨૨મી ઓકટોબર અને સોમવાર સુધી અડચણો ઉભી કરનાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા વધીને ૩૫૦૫ સુધી પહોંચી ગઈ હતી. જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૫૨૯ લોકોની સામે કેસ દાખલ કરાયો હતો. મંદિર પાંચ નવેમ્બરના દિવસે ખુલશે અને ત્યારબાદ ૧૬મી નવેમ્બરના દિવસે આશરે બે મહિનામાં બે વાર્ષિક તિર્થયાત્રા માટે મંદિરને ખોલી દેવામાં આવશે.

## વહેતી વાતો... ● છેલ્લા પાનાનું ચાલુ

પ્રથમ મેયર, ડે. મેયર બન્ને વોર્ડ ૩ ના હતા. જ્યારે બીજા મેયર વોર્ડ નં. ૩ ના હતા પરંતુ અન્ય હોદ્દેદારો બીજા વોર્ડના હતા.

પાટનગરમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે શિક્ષણ સાથે સંકળાયેલા ઉમેદવારની પસંદગીને અગ્રતા અપાશે. તો બરખાબેન જ્હા અને નીલાબેન શુક્લાની પસંદગી તરફ પક્ષની નેતાગીરી આગળ વધશે અને ડે. મેયર તરીકે અગાઉ સેવાઓ આપી ચુકેલા કાર્તિક પટેલ, નીતિન પટેલ અને નાઝાભાઈ ધાંધરની પસંદગીની શક્યતાઓ વહેતી થઈ છે. સ્થાયી સમિતિમાં પણ નરેશભાઈ પરમારનું નામ મોખરે ચર્ચાઈ રહ્યું છે.

જો કે કોંગ્રેસમાં ડે. મેયર તરીકે અંકિત બારોટ, જીતુ રાયકાના નામ સાથે સ્થાયી સમિતિ માટે શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિમનભાઈ વિંઝુડા તથા મીનાબેન વાઘેલાના નામો ચર્ચામાં છે.

જો અને તો પર હાલ તો વાતોના વડા થઈ રહ્યા છે પણ ચોથો મેયર પણ જો વોર્ડ નં. ૩માંથી હશે તો આ નગરમાં એક નવો વિક્રમ બનશે.

બન્ને પક્ષમાં પાટીદાર મહિલા કાઉન્સીલર એક-એક છે એ પણ યોગાનુયોગ છે.

## મનપાનો મહાજંગ... ● છેલ્લા પાનાનું ચાલુ

પાછલા બારણે સત્તા મેળવ્યા પછી તેણે મનપાનું સંચાલન કર્યુ છે. પહેલીવાર પક્ષના કાર્યકર્તાની પસંદગીનો મોકો આપ્યો છે.

બીજી તરફ કોંગ્રેસે પણ આજની આ બેઠકના જંગ માટેની પૂરતી તૈયારીઓ કરી લીધી છે. બધા જ સભ્યો રોજ બેઠકોનો દોર ચલાવી રહ્યા છે અને આજે મોડી રાત્રે ઉમેદવારોની સર્વસંમત પસંદી કરાશે તેવા સંકેતો કોંગ્રેસમાંથી મળી રહ્યા છે.

કોંગ્રેસના તમામ કાઉન્સીલરોને સવારે ૧૦ વાગ્યા પહેલાં મનપાની કચેરીએ પહોંચવા માટે જણાવી દેવાયું છે.

આજે મનપાની ચૂંટણી પછી તુરત જ પક્ષના સંગઠ્ઠનમાં ફેરફારોની વાત પણ ભાજપ દ્વારા હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

ગાંધીજીની અહિંસામાં નહીં માનનારા ડૉ.મુકરજી વચગાળાની સરકારમાં ગાંધીજીના આગ્રહથી અને સરદાર-સાવરકરની સમજાવટથી ઉદ્યોગ અને વાણિજ્ય પ્રધાન તરીકે જોડાયા. જોકે હિંદુ મહાસભા સાથે એમના મતભેદ વધતા ચાલ્યા હતા. ગાંધીહત્યાને તેમણે વખોડી. બિન-હિંદુને પણ હિંદુ મહાસભામાં લેવામાં આવે તેવો એમનો આગ્રહ સાવરકરવાદીઓએ ફગાવી દીધો ત્યારે તેમણે હિંદુ મહાસભાના તમામ હોદ્દાઓ પરથી રાજીનામાં આપીને માત્ર નેહરુ સરકારમાં ઉદ્યોગપ્રધાન તરીકે કામગીરી ચાલુ રાખી. તેઓ કોઈ પક્ષ સાથે જોડાયેલા રહ્યા નહોતા.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથેનો ડૉ.મુકરજીનો સંબંધ સ્થપાતો જતો હતો. ૧૯૫૦માં કોલકાતાના સ્વયંસેવકને ઘેર સંઘના દ્વિતીય સરસંઘચાલક ગુરુજી અને ડૉ.મુકરજીની મુલાકાત કરાવવામાં આવી હતી. પૂર્વ પાકિસ્તાનમાં હિંદુઓની કનડગતના મુદ્દા સહિતની બાબતોમાં નેહરુ સાથેના મતભેદને પગલે તેમણે ૬ એપ્રિલ ૧૯૫૦ના રોજ નેહરુ સરકારમાંથી ય રાજીનામું આપ્યું. ૧૯ એપ્રિલ ૧૯૫૦ના રોજ તેમણે રાજીનામા અંગે લોકસભામાં ભાષણ આપ્યું. નેહરુ સરકારમાંથી છૂટા થતાં જ રા. સ્વ. સંઘે એમને સાથે લેવાનો પ્રયાસ વધુ સક્રિય કર્યો. ગુરુજી સાથેની ચર્ચા નવા રાજકીય પક્ષની સ્થાપના ભણી આગળ વધવાની ભૂમિકા તૈયાર કરતી હતી.

એવામાં જ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજીએ એક પત્રકાર પરિષદમાં હિંદુ મહાસભાને ખરા અર્થમાં કોમવાદી (સાંપ્રદાયિક) ગણાવતાં ઉમેર્યું કે એ 'હિંદુરાષ્ટ્ર'માં વિશ્વાસ રાખે છે. આરએસએસના દ્વિતીય સરસંઘચાલક ગુરુજીએ ડૉ.મુકરજીને જણાવ્યું કે આરએસએસ પણ ભારતને 'હિંદુરાષ્ટ્ર' તરીકે જોવા ઈચ્છુક છે. જોકે તે હિંદુ મહાસભાની જેમ કટ્ટર નથી. બધા સ્વયંસેવકો 'હિંદુ રાષ્ટ્ર'માં શ્રદ્ધા રાખે છે. અગાઉ ડૉ.મુકરજીએ કોલકાતામાં કે અન્યત્ર કરેલાં ભાષણોમાં ભારતને ધર્મનિષ્ઠ (થિયોક્રેટિક) સ્ટેટ બનાવવા વિરુદ્ધમાં પોતાનો મત વ્યક્ત કર્યો હતો. તથાગતે નોંધ્યું છે કે ડૉ.મુકરજીએ પાછળથી 'હિંદુરાષ્ટ્ર' અંગે સંમતિ આપી હતી.

haridesai@gmail.com